R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2012-14. Licensed to post without pre-payment Licence No. CPMG/GJ/99/2012-14 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ-૩૬ ● તા. ૨૬મી નવેમ્બર, ૨૦૧૪ ● અંક નં. ૪૧

ગુજરાત

# રોજગાર સમાચાર

તંત્રી : ભાગ્યેશ જહા

સંપાદક : અરવિંદ આર. પટેલ, પુલક ત્રિવેદી કાર્યવાહક સંપાદક : કે. એ. કરમટા સહસંપાદક : પરિમલ દેસાઇ, પ્રવિણ સોનારીયા

*'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ **રૂા. ૩૦/-** છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. આ ઉપરાંત કોમ્પ્યુટરાઇઝ પોસ્ટ ઓફિસોમાં લવાજમ (સર્વિસ ચાર્જ સાથે) સ્વીકારવામાં આવે છે.*

*વેબસાઈટ :* **www.gujaratinformation.net** **www.facebook.com/gujaratinformation.official** **Phone No. : 079-232-53440**

## સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા

**સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની સહયોગી બેંકોમાં ક્લેરિકલ કેડરની ૬૦૦૦થી વધુ જગ્યાઓ માટે ભરતી**

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની પાંચ સહયોગી બેંકો - સ્ટેટ બેંક ઓફ મૈસુર, સ્ટેટ બેંક ઓફ પટિયાલા, સ્ટેટ બેંક ઓફ ત્રાવણકોર, સ્ટેટ બેંક ઓફ બિકાનેર એન્ડ જયપુર તથા સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદમાં ક્લેરિકલ કેડરની ૬૪૨૫ જગ્યાઓ ભરવા માટે યોગ્યતા ધરાવતા ભારતીય નાગરિક ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. ઉમેદવારોએ કોઈ એક બેંકની કોઈ એક રાજ્યની જગ્યા માટે જ અરજી કરવાની છે, તેમજ તે જ રાજ્યના પરીક્ષા કેન્દ્ર ઉપરથી પરીક્ષા આપવાની છે.

**ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ : ૯-૧૨-૨૦૧૪**

**જગ્યાની કુલ સંખ્યા : ૬૪૨૫**

(એડવર્ટાઈઝમેન્ટ નંબર : **CRPD/ABCL/2014-15/07**)

**અરજી ફી ચૂકવવાની છેલ્લી તારીખ : ઓનલાઈન- તા. ૯-૧૨-૨૦૧૪, ઓફ લાઈન તા. ૧૧-૧૨-૨૦૧૪**

❑ **જગ્યાની વિગતો :**

**બેંક વાઈઝ ભરવાની થતી જગ્યાઓ**

| બેંકનું નામ | કેટેગરીવાઈઝ | | | | | શા.ખો.ખાં. | | | એક્સ સર્વિસમેન | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અ.જા. | અ.જ.જા. | અ.પ.વ. | સામાન્ય | કુલ | VI | HI | OH | XS | DXS |
| સ્ટેટ બેંક ઓફ મૈસુર | ૧૧૬ | ૫૦ | ૧૯૬ | ૩૬૩ | ૭૨૫ | ૦૭ | ૦૮ | ૦૭ | ૭૨ | ૩૩ |
| સ્ટેટ બેંક ઓફ પટિયાલા | ૩૦૭ | ૨૬ | ૨૭૧ | ૫૯૬ | ૧૨૦૦ | ૧૨ | ૨૨ | ૧૩ | ૨૪૦ | ૫૪ |
| સ્ટેટ બેંક ઓફ ત્રાવણકોર | ૧૫૮ | ૨૦ | ૩૪૮ | ૭૭૪ | ૧૩૦૦ | ૧૩ | ૧૨ | ૧૪ | ૧૩૦ | ૫૮ |
| સ્ટેટ બેંક ઓફ બિકાનેર એન્ડ જયપુર | ૧૬૨ | ૧૨૦ | ૨૦૭ | ૫૧૧ | ૧૦૦૦ | ૧૧ | ૨૯ | ૧૦ | ૯૮ | ૪૦ |
| સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદ | ૩૦૫ | ૧૯૭ | ૬૪૧ | ૧૦૫૭ | ૨૨૦૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦૪ | ૯૨ |
| કુલ | ૧૦૪૮ | ૪૧૩ | ૧૬૬૩ | ૩૩૦૧ | ૬૪૨૫ | ૬૩ | ૯૧ | ૬૪ | ૭૪૪ | ૨૭૭ |

**સ્ટેટ બેંક ઓફ મૈસુરની રાજ્યવાર જગ્યાઓ**

| રાજ્ય | કેટેગરીવાઈઝ | | | | | શા.ખો.ખાં. | | | એક્સ સર્વિસમેન | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અ.જા. | અ.જ.જા. | અ.પ.વ. | સામાન્ય | કુલ | VI | HI | OH | XS | DXS |
| કર્ણાટક | ૧૧૬ | ૫૦ | ૧૯૬ | ૩૬૩ | ૭૨૫ | ૦૭ | ૦૮ | ૦૭ | ૭૨ | ૩૩ |
| કુલ | ૧૧૬ | ૫૦ | ૧૯૬ | ૩૬૩ | ૭૨૫ | ૦૭ | ૦૮ | ૦૭ | ૭૨ | ૩૩ |

**સ્ટેટ બેંક ઓફ પટિયાલાની રાજ્યવાર જગ્યાઓ**

| રાજ્ય | કેટેગરીવાઈઝ | | | | | શા.ખો.ખાં. | | | એક્સ સર્વિસમેન | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અ.જા. | અ.જ.જા. | અ.પ.વ. | સામાન્ય | કુલ | VI | HI | OH | XS | DXS |
| દાદરા અને નગર હવેલી | - | ૦૧ | - | ૦૨ | ૦૩ | - | - | - | - | - |
| ગુજરાત | - | ૦૧ | ૦૨ | ૦૪ | ૦૭ | - | - | - | ૦૧ | - |
| હિમાચલ પ્રદેશ | ૨૩ | ૧૧ | ૧૮ | ૪૮ | ૧૦૦ | ૦૧ | ૦૨ | ૦૧ | ૧૩ | ૦૫ |
| હરિયાણા | ૨૪ | - | ૫૪ | ૭૨ | ૧૫૦ | ૦૨ | ૦૩ | ૦૨ | ૨૨ | ૦૮ |
| જમ્મુ અને કાશ્મીર | - | ૦૧ | ૦૨ | ૦૪ | ૦૭ | - | - | - | ૦૧ | - |
| કર્ણાટક | ૦૧ | - | ૦૨ | ૦૩ | ૦૬ | - | - | - | ૦૧ | - |
| મહારાષ્ટ્ર | ૦૧ | ૧૨ | ૦૫ | ૧૨ | ૩૦ | - | - | ૦૧ | ૦૪ | ૦૧ |
| પંજાબ | ૨૫૫ | - | ૧૮૫ | ૪૪૦ | ૮૮૦ | ૦૯ | ૧૭ | ૦૯ | ૧૯૬ | ૪૦ |
| તામિલનાડુ | ૦૧ | - | ૦૨ | ૦૪ | ૦૭ | - | - | - | ૦૧ | - |
| ઉત્તરાખંડ | ૦૨ | - | ૦૧ | ૦૭ | ૧૦ | - | - | - | ૦૧ | - |
| કુલ | ૩૦૭ | ૨૬ | ૨૭૧ | ૫૯૬ | ૧૨૦૦ | ૧૨ | ૨૨ | ૧૩ | ૨૪૦ | ૫૪ |

**સ્ટેટ બેંક ઓફ ત્રાવણકોરની રાજ્યવાર જગ્યાઓ**

| રાજ્ય | કેટેગરીવાઈઝ | | | | | શા.ખો.ખાં. | | | એક્સ સર્વિસમેન | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અ.જા. | અ.જ.જા. | અ.પ.વ. | સામાન્ય | કુલ | VI | HI | OH | XS | DXS |
| આંધ્રપ્રદેશ | ૦૫ | ૦૨ | ૦૮ | ૧૫ | ૩૦ | - | - | ૦૧ | ૦૩ | ૦૧ |
| દિલ્હી | ૦૪ | ૦૨ | ૦૮ | ૧૬ | ૩૦ | ૦૧ | - | ૦૧ | ૦૩ | ૦૧ |
| ગોવા | - | - | - | ૦૨ | ૦૨ | - | - | - | - | - |
| કર્ણાટક | ૧૦ | ૦૪ | ૧૬ | ૩૦ | ૬૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૬ | ૦૩ |

♦ શા.ખો.ખાં. ધરાવનાર તથા એક્સ સર્વિસમેન / અશક્ત એક્સ સર્વિસમેન માટે અનામત સમાંતર પ્રકારની રહેશે. એટલે કે જે રાજ્ય માટે જે તે બેંકની આ કેટેગરી માટે અનામત જગ્યાઓ નહીં હોય તો તેઓને શા.ખો.ખાં. તરીકેની અને એક્સ સર્વિસમેનને તેઓની જાતિ મુજબ અ.જા./અ.જ.જા./અ.પ.વ વય મર્યાદામાં છૂટછાટનો લાભ મળી શકશે.

♦ કુલ જગ્યાઓની ૪.૫ ટકા જગ્યાઓ શારીરિક રીતે વિકલાંગ બનેલ એક્સસર્વિસમેન અને તેમના આશ્રિતો માટે અનામત રહેશે. આમાં પ્રથમ અગ્રતા એક્સસર્વિસમેનને આપવામાં આવશે. ત્યારબાદ જ તેઓના આશ્રિતોને મળવાપાત્ર થશે.

❑ **ટૂંકાક્ષરો : VI -** દૃષ્ટિની ખામી ધરાવનાર, **HI -** શ્રવણ શક્તિની ખામી ધરાવનાર, **OH -** શારીરિક ખામી ધરાવનાર, **XS -** એક્સ સર્વિસમેન, **DXS -** એક્સ સર્વિસમેનના આશ્રિતો

♦ દર્શાવવામાં આવેલી જગ્યાઓની સંખ્યા કામચલાઉ છે. તેમાં વધારો-ઘટાડો થવાની શક્યતા છે. મેરીટ લિસ્ટ બેંક વાઈઝ, સ્ટેટ વાઈઝ અને કેટેગરીવાઈઝ બનશે.

♦ અ.પ.વ.નો લાભ લેવા ઈચ્છતા ઉમેદવારોએ તેઓ ક્રિમીલેયરમાં આવતા નથી તે અંગેનું નિયત પ્રમાણપત્ર તા. ૧-૪-૨૦૧૪થી ઈન્ટરવ્યૂની તારીખ સુધીમાં ઈસ્યુ કરવામાં આવ્યું હોય તે રજૂ કરવાનું રહેશે.

❑ **શૈક્ષણિક લાયકાત :** (તા. ૧-૧૨-૨૦૧૪ના રોજ)

માન્ય યુનિ.માંથી કોઈપણ શાખામાં સ્નાતક હોવા જોઈએ અથવા રાજ્ય / કેન્દ્ર સરકાર માન્ય તેને સમકક્ષ લાયકાત ધરાવતા હોવા જોઈએ. ઉમેદવારને અંગ્રેજી લખતા અને બોલતા આવડવું જોઈએ. સ્થાનિક ભાષાની જાણકારી વધારાની લાયકાત ગણાશે.

❑ **વય મર્યાદા :** (તા. ૧-૧૨-૨૦૧૪ના રોજ)

લઘુત્તમ વય ૨૦ વર્ષ અને મહત્તમ વય ૨૮ વર્ષની હોવી જોઈએ. ઉમેદવાર તા. ૧-૧૨-૧૯૮૬ અને તા. ૧-૧૨-૧૯૯૪ (બંને દિવસો સહિત) વચ્ચે જન્મેલા હોવા જોઈએ.

❑ **વય મર્યાદામાં છૂટછાટ**

| ક્રમ | કેટેગરી | છૂટછાટ |
|---|---|---|
| ૧ | અ.જા./અ.જ.જા. | ૫ વર્ષ |
| ૨ | અ.પ.વ. | ૩ વર્ષ |
| ૩ | શા.ખો.ખાં.(સામાન્ય) | ૧૦ વર્ષ |
| ૪ | શા.ખો.ખાં.(અ.જા./અ.જ.જા.) | ૧૫ વર્ષ |
| ૫ | શા.ખો.ખાં.(અ.પ.વ.) | ૧૩ વર્ષ |
| ૬ | એક્સ સર્વિસમેન/ અશક્ત એક્સ સર્વિસમેન | લશ્કરમાં બજાવેલી સેવાના વર્ષોમાં ૩ વર્ષ ઉમેરતા (અશક્ત એક્સસર્વિસમેન માટે ૮ વર્ષ) મળતી વય મહત્તમ ૫૦ વર્ષની વય સુધી. |
| ૭ | વિધવા, ત્યકતા તેમજ પતિથી કાયદેસર અલગ રહેતી અને પુનઃલગ્ન ન કર્યા હોય તેવી મહિલા | ૯ વર્ષ (મહત્તમ વય સામાન્ય માટે-૩૫ અ.પ.વ. માટે-૩૮ અને અ.જા./ અ.જ.જા. માટે ૪૦ વર્ષ |

➔

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ➔ મધ્યપ્રદેશ | ૦૧ | ૦૧ | - | ૦૨ | ૦૪ | - | - | - | - | - |
| કેરાલા | ૯૫ | ૦૯ | ૨૫૫ | ૫૮૭ | ૯૪૬ | ૦૯ | ૦૯ | ૦૯ | ૯૫ | ૪૩ |
| ઓરિસ્સા | - | - | - | ૦૨ | ૦૪ | - | - | - | - | - |
| તામિલનાડુ | ૪૨ | ૦૨ | ૫૯ | ૧૧૭ | ૨૨૦ | ૦૨ | ૦૨ | ૦૨ | ૨૨ | ૧૦ |
| ઉત્તરપ્રદેશ | ૦૧ | - | ૦૨ | ૦૩ | ૦૬ | - | - | - | ૦૧ | - |
| **કુલ** | **૧૫૮** | **૨૦** | **૩૪૮** | **૭૭૪** | **૧૩૦૦** | **૧૩** | **૧૨** | **૧૪** | **૧૩૦** | **૫૮** |

### સ્ટેટ બેંક ઓફ બિકાનેર એન્ડ જયપુરની રાજ્યવાર જગ્યાઓ

| રાજ્ય | કેટેગરીવાઈઝ | | | | | શા.ખો.ખાં. | | | એક્સ સર્વિસમેન | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અ.જા. | અ.જ.જા. | અ.પ.વ. | સામાન્ય | કુલ | VI | HI | OH | XS | DXS |
| રાજસ્થાન | ૧૪૧ | ૧૦૮ | ૧૬૬ | ૪૧૫ | ૮૩૦ | ૦૯ | ૨૭ | ૦૮ | ૮૩ | ૩૭ |
| ગુજરાત | ૦૧ | ૦૪ | ૦૮ | ૧૫ | ૨૮ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૩ | ૦૧ |
| તામિલનાડુ | ૦૩ | - | ૦૫ | ૧૨ | ૨૦ | - | - | - | ૦૨ | - |
| આંધ્રપ્રદેશ | ૦૨ | ૦૧ | ૦૩ | ૦૬ | ૧૨ | - | - | - | ૦૧ | - |
| તેલંગાના | ૦૨ | ૦૧ | ૦૩ | ૦૬ | ૧૨ | - | - | - | ૦૧ | - |
| કર્ણાટક | ૦૨ | - | ૦૨ | ૦૫ | ૦૯ | - | - | - | ૦૧ | - |
| મધ્યપ્રદેશ | - | ૦૧ | - | ૦૧ | ૦૨ | - | - | - | - | - |
| ઉત્તરપ્રદેશ | ૦૨ | - | ૦૩ | ૦૬ | ૧૧ | - | - | - | ૦૧ | - |
| હરિયાણા | ૦૧ | - | ૦૨ | ૦૬ | ૦૯ | - | - | - | ૦૧ | - |
| પંજાબ | ૦૧ | - | ૦૧ | ૦૪ | ૦૬ | - | - | - | - | - |
| ઓરિસ્સા | ૦૧ | ૦૧ | - | ૦૨ | ૦૪ | - | - | - | - | |
| મહારાષ્ટ્ર | ૦૪ | ૦૪ | ૧૨ | ૨૭ | ૪૭ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૪ | ૦૨ |
| બિહાર | ૦૨ | - | ૦૨ | ૦૬ | ૧૦ | - | - | - | ૦૧ | - |
| **કુલ** | **૧૬૨** | **૧૨૦** | **૨૦૭** | **૫૧૧** | **૧૦૦૦** | **૧૧** | **૨૯** | **૧૦** | **૯૮** | **૪૦** |

### સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદની રાજ્યવાર જગ્યાઓ

| રાજ્ય | કેટેગરીવાઈઝ | | | | | શા.ખો.ખાં. | | | એક્સ સર્વિસમેન | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અ.જા. | અ.જ.જા. | અ.પ.વ. | સામાન્ય | કુલ | VI | HI | OH | XS | DXS |
| આંધ્રપ્રદેશ | ૩૮ | ૧૭ | ૬૫ | ૧૨૦ | ૨૪૦ | ૦૨ | ૦૨ | ૦૨ | ૨૪ | ૧૧ |
| દિલ્હી | ૦૧ | ૦૧ | ૦૩ | ૦૫ | ૧૦ | - | - | - | ૦૧ | - |
| ગોવા | - | - | ૦૧ | ૦૪ | ૦૫ | - | - | - | - | - |
| ગુજરાત | - | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૫ | - | - | - | - | - |
| હરિયાણા | ૦૧ | - | ૦૨ | ૦૨ | ૦૫ | - | - | - | - | - |
| કર્ણાટક | ૩૩ | ૨૭ | ૫૬ | ૧૦૪ | ૨૨૦ | ૦૨ | ૦૨ | ૦૨ | ૨૧ | ૦૯ |
| કેરાલા | ૦૩ | - | ૦૯ | ૦૮ | ૨૦ | - | - | - | ૦૧ | ૦૧ |
| મધ્યપ્રદેશ | ૦૧ | ૦૧ | - | ૦૩ | ૦૫ | - | - | - | - | - |
| મહારાષ્ટ્ર | ૪૭ | ૭૪ | ૨૦૪ | ૨૦૫ | ૫૭૫ | ૦૫ | ૦૫ | ૦૫ | ૪૭ | ૨૧ |
| ઓરિસ્સા | ૦૨ | ૦૪ | ૦૨ | ૦૭ | ૧૫ | - | - | - | ૦૧ | ૦૧ |
| તામિલનાડુ | ૧૭ | ૦૧ | ૨૪ | ૪૮ | ૯૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૯ | ૦૪ |
| તેલંગણા | ૧૬૦ | ૭૦ | ૨૭૦ | ૫૦૦ | ૧૦૦૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦૦ | ૪૫ |
| ઉત્તરપ્રદેશ | ૦૧ | - | ૦૨ | ૦૨ | ૦૫ | - | - | - | - | - |
| વેસ્ટ બંગાળ | ૦૧ | - | ૦૨ | ૦૨ | ૦૫ | - | - | - | - | - |
| **કુલ** | **૩૦૫** | **૧૯૭** | **૬૪૧** | **૧૦૫૭** | **૨૨૦૦** | **૨૦** | **૨૦** | **૨૦** | **૨૦૪** | **૯૨** |

❑ **પસંદગી પ્રક્રિયા :** ઉમેદવારોની પસંદગી ઓનલાઈન ટેસ્ટ અને ઈન્ટરવ્યૂમાં કરવામાં આવેલા દેખાવના આધારે કરવામાં આવશે. માત્ર લાયકાતના ધોરણ ધરાવવા માત્રથી જ ઉમેદવારને ઓનલાઈન ટેસ્ટ અથવા ઈન્ટરવ્યૂ માટે બોલાવવા જ પડે તે જરૂરી નથી.

♦ ઓનલાઈન ટેસ્ટ હેતુલક્ષી પ્રકારની રહેશે. જેમાં, (૧) જનરલ અવેરનેસ (૨) સામાન્ય અંગ્રેજી (૩) ક્વોન્ટિટેટિવ એપ્ટિટ્યૂડ (૪) રીઝનીંગ એબીલીટી (૫) માર્કેટીંગ એપ્ટિટ્યૂડ / કોમ્પ્યૂટર નોલેજ એમ પાંચ ભાગ હશે. ટેસ્ટમાં સામાન્ય અંગ્રેજી સિવાયના ભાગના પ્રશ્નો હિન્દી અને અંગ્રેજી એમ બંને ભાષાઓમાં પૂછવામાં આવશે. દરેક ટેસ્ટના ૪૦ ગુણ રહેશે. બધી કસોટીના મળીને ૨૦૦ ગુણ રહેશે. પરીક્ષાનો સમય ૨.૧૫ કલાકનો રહેશે.

♦ ટેસ્ટમાં દરેક ચાર ખોટા જવાબો બદલ ૧ ગુણ નકારાત્મક ગુણ તરીકે કાપવામાં આવશે. ઉમેદવારે પાંચેય કસોટીમાં પાસ થવું જરૂરી છે.

♦ ઉમેદવારોએ ઈન્ટરવ્યૂમાં ઉપસ્થિત થવા માટે જરૂરી લઘુત્તમ ગુણ (અ.જા./અ.જ.જા./અ.પ.વ./શા.ખો.ખાં./એક્સ સર્વિસમેન માટે ૫ ટકા છૂટછાટ) મેળવવા જરૂરી છે.

❑ **ઈન્ટરવ્યૂ :** ઉમેદવારોએ ઓનલાઈન ટેસ્ટમાં મેળવેલા ગુણને આધારે કેટેગરીવાઈઝ ઘટતા ક્રમમાં ગોઠવી ઈન્ટરવ્યૂ હાથ ધરવામાં આવશે. જે તે કેટેગરીમાં ઉપલબ્ધ જગ્યાઓને આધારે ૩ જગ્યા સામે ૧ ઉમેદવાર એ રેશિયો મુજબ ઉમેદવારોને ઈન્ટરવ્યૂમાં બોલાવવામાં આવશે.

♦ ઈન્ટરવ્યૂ માટેના કોલ લેટર ઓનલાઈન ટેસ્ટનું પરિણામ જાહેર થયા બાદ બેંકની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. ઉમેદવારોએ કોલ લેટર બેંકની વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી લેવાના રહેશે. ઈન્ટરવ્યૂ કોલ લેટરની હાર્ડ કોપી પોસ્ટથી મોકલવામાં નહીં આવે.

❑ **મળવાપાત્ર પગાર :** મુંબઈ જેવા મેટ્રો શહેરમાં કલેરિકલ કેડરમાં પ્રારંભિક તબક્કે ડી.એ. અને અન્ય ભથ્થાઓ મળીને કુલ રૂ. ૧૭,૫૦૦ પ્રતિમાસ મળવાપાત્ર થશે. પોસ્ટીંગના સ્થળને આધારે ભથ્થાઓ મળવાપાત્ર થશે.

❑ **પગાર ધોરણ :** રૂ. ૭૨૦૦-૪૦૦/૩, ૮૪૦૦-૫૦૦/૩, ૯૯૦૦-૬૦૦/૪ - ૧૨૩૦૦-૭૦૦/૭, ૧૭૨૦૦-૧૩૦૦/૧, ૧૮૫૦૦-૮૦૦/૧ - ૧૯૩૦૦ (સમીક્ષા હેઠળ)

❑ **અજમાયશી સમય :** નવી નિમણુંક પામેલા આસિસ્ટન્ટને ઓછામાં ઓછા ૬ માસ માટે અજમાયશી સમય ઉપર રાખવામાં આવશે. છ માસનો અજમાયશી સમય પૂર્ણ થવાના સમય પહેલા ઉમેદવારનું પ્રદર્શનનું આંકલન કરવામાં આવશે. જો ઉમેદવાર બેંકની અપેક્ષા મુજબ દેખાવ ન કરી શક્યો તો અજમાયશી સમય લંબાવી શકાય છે.

❑ **અરજી ફી અને ઈન્ટીમેશન ચાર્જ :**

| ક્રમ | કેટેગરી | કુલ |
|---|---|---|
| ૧. | અ.જા./અ.જ.જા./શા.ખો.ખાં./ એક્સસર્વિસમેન | રૂ. ૧૦૦ (માત્ર ઈન્ટીમેશન ચાર્જ) |
| ૨. | સામાન્ય અને અ.પ.વ. | રૂ. ૬૦૦ (અરજી ફી + ઈન્ટીમેશન ચાર્જ) |

❑ અરજી ફી અને ઈન્ટીમેશન ચાર્જ માત્ર બેંક ચલન દ્વારા અથવા ઓનલાઈન જ ચૂકવી શકાશે. પોસ્ટ ઓર્ડર / બેંક ડ્રાફ્ટસ / ચેક / રોકડ દ્વારા ચૂકવી શકાશે નહી.

❑ અરજી ફી + ઈન્ટીમેશન ફી ઓફ લાઈન ચૂકવવા ઈચ્છતા ઉમેદવારોએ બેંકની વેબસાઈટ www.statebankofindia.com અથવા www.sbi.co.in ઉપર ઓનલાઈન અરજી કર્યા બાદ રજીસ્ટ્રેશન નંબર અને પાસવર્ડ મેળવી લેવાનો રહેશે. ત્યારબાદ આ રજીસ્ટ્રેશન નંબર અને પાસવર્ડનો ઉપયોગ કરી અરજીમાં જો કોઈ સુધારો કરવો હોય તે કરી સિસ્ટમ દ્વારા જનરેટ ફી પેમેન્ટ ચલનની પ્રિન્ટ આઉટ કાઢી લેવી. આ તબક્કે ઓન લાઈન અરજીનું રજીસ્ટ્રેશન હંગામી ગણાશે. પેમેન્ટ ચલનની પ્રિન્ટ આઉટ લઈ ઉમેદવારે નજીકની એસ.બી.આઈ.ની કોઈપણ બ્રાંચમાં જઈ ફી જમા કરાવી દેવી. અરજી ફી ચૂકવી દીધા બાદ ઓનલાઈન અરજીનું રજીસ્ટ્રેશન પૂર્ણ થયેલું ગણાશે.

❑ **ઓનલાઈન ચૂકવણી :** અરજી ફી + ઈન્ટીમેશન ચાર્જ ચૂકવવા માટે ઓનલાઈન પેમેન્ટનો વિકલ્પ પસંદ કરનાર ઉમેદવારોએ ઓનલાઈન અરજી કર્યા બાદ રજીસ્ટ્રેશન નંબર અને પાસવર્ડ મેળવી લેવાનો રહેશે. ત્યારબાદ પુનઃ રજીસ્ટ્રેશન નંબર અને પાસવર્ડનો ઉપયોગ કરી ઓનલાઈન અરજી ફોર્મમાં સ્ક્રીનમાં જણાવ્યાનુસાર માસ્ટર / વીસા ડેબીટ / ક્રેડિટ કાર્ડ અથવા ઈન્ટરનેટ બેન્કીંગ મારફતે ફી ચૂકવી દેવી. ફી ચૂકવ્યા બાદ સ્ક્રીન ઉપર ઈ-રિસિપ્ટ અને અરજી ફોર્મ દેખાશે ઉમેદવારે તેની પ્રિન્ટ આઉટ કાઢી પોતાની પાસે રાખવી.

❑ **મહત્વની સૂચનાઓ :**

♦ સરકારી / અર્ધસરકારી, જાહેર સાહસોમાં નોકરી કરતા સરકારી કર્મચારીઓએ તેઓના વડા પાસેથી મેળવેલું ‘ના વાંધા પ્રમાણપત્ર’ ઈન્ટરવ્યૂ સમયે રજૂ કરવાનું રહેશે.

♦ જો ઉમેદવારની પસંદગી થઈ જાય તો તેઓએ અગાઉની નોકરી છોડ્યાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

♦ અ.જા./ અ.જ.જા. ઉમેદવારોએ સક્ષમ સત્તાધીશ દ્વારા આપવામાં આવેલું જાતિનું પ્રમાણપત્ર ઈન્ટરવ્યૂ વખતે રજૂ કરવાનું રહેશે.

♦ અ.પ.વ.ના ઉમેદવારોએ જરૂરી કબૂલાતનામું અને નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

❑ **સામાન્ય સૂચનાઓ :**

♦ ઉમેદવારોએ એક જ અરજી કરવી. એક કરતા વધુ અરજી કરનાર ઉમેદવારની છેલ્લી અરજી સ્વીકારવામાં આવશે.

♦ નિમણુંક પ્રક્રિયાના કોઈપણ તબક્કે એ હકીકત જાણવા મળશે કે ઉમેદવાર જરૂરી યોગ્યતા / લાયકાત ધરાવતો નથી અથવા તો કોઈ માહિતી છૂપાવી છે તો તેઓની ઉમેદવારી રદ થશે. ઉમેદવારની પસંદગી થઈ ગયા બાદ પણ જો આવી હકીકત સામે આવશે તો સેવા સમાપ્ત કરવામાં આવશે.

♦ ઉમેદવારોએ ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી પોતાનો ઈ-મેઈલ આઈ.ડી. એકટીવ રાખવો કારણકે, કોલલેટર, જરૂરી સૂચનાઓ, ઈન્ટરવ્યૂની સૂચના સહિત અન્ય માહિતી ઈ-મેઈલ દ્વારા જ જણાવવામાં આવશે.

♦ ઉમેદવારોની પસંદગી ઓનલાઈન ટેસ્ટ અને ઈન્ટરવ્યૂ દ્વારા જ થશે. પરંતુ જો બેંકને જરૂરી લાગશે તો અન્ય પદ્ધતિ પણ અપનાવી શકે છે.

♦ ઓનલાઈન ટેસ્ટ / ઈન્ટરવ્યૂમાં ઉમેદવારોએ સ્વયંના ખર્ચે ઉપસ્થિત થવાનું છે. માત્ર અ.જા. / અ.જ.જા. / શા.ખો.ખાં. ધરાવનાર ઉમેદવારને જ જો તેઓને ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવશે તો તેઓને વતનના સ્થળથી ઈન્ટરવ્યૂ સ્થળ સુધી આવવા-જવાનું સૌથી ટૂંકા રૂટની મુસાફરી માટે બીજા વર્ગનું રેલવે / બસ ભાડુ પ્રવાસ કર્યાની સાબિતી રજૂ કર્યે ચૂકવવામાં આવશે.

❑ **પરીક્ષા કેન્દ્રો :** ઓનલાઈન ટેસ્ટ માટેના પરીક્ષા કેન્દ્રો દાદરા અને નગર હવેલી માટે - જામનગર, સુરત રહેશે. ગુજરાત માટે - અમદાવાદ, આણંદ, ગાંધીનગર, હિંમતનગર, જામનગર, મહેસાણા, રાજકોટ, સુરત અને વડોદરા રહેશે.

❑ **પરીક્ષા માટેના કોલલેટર :** યોગ્યતા ધરાવતા ઉમેદવારોએ તેઓના કોલ લેટર અને ‘એક્યુઅન્ટ યોરસેલ્ફ બુકેલટ’ બેંકની વેબસાઈટ ઉપરથી તા. ૭-૧-૨૦૧૫ પછી ઓનલાઈન અરજીનો રજીસ્ટ્રેશન નંબર અને પાસવર્ડ એન્ટર કરી ડાઈનલોડ કરી લેવાનો છે.

❑ **ઓળખનો પુરાવો :** ઉમેદવારોએ ઓનલાઈન ટેસ્ટમાં ઉપસ્થિત થતી વેળાએ કોલ લેટરની સાથે પાસપોર્ટ / પાનકાર્ડ / ડ્રાઈવીંગ લાયસન્સ / ચૂંટણી કાર્ડ / આધાર કાર્ડ / બેંક પાસ બુક / કોલેજનું આઈ.કાર્ડ પૈકી કોઈ એક ફોટો આઈ.ડી. અસલમાં અને તેની એક સ્વયં પ્રમાણિત નકલ પરીક્ષા ખંડમાં સાથે રાખવી.

❑ **અરજી કેવી રીતે કરશો ? :** ઉમેદવારોએ બેંકની વેબસાઈટ www.statebankofindia.com અથવા www.sbi.co.in ઉપર ઓનલાઈન અરજી કરવાની છે.

અરજી કરવાની રીત બેંકની વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલી વેબસાઈટ ઉપર જોઈ શકાશે. ઉમેદવાર અરજી ફી + ઈન્ટીમેશન ચાર્જ ઓનલાઈન અથવા ઓફલાઈન ચૂકવી શકે છે. ●

## અન્ય જાહેરખબર

- **પશ્ચિમ રેલ્વે : મુંબઈ**

**જગ્યાનું નામ** : સ્પોર્ટસ ક્વોટામાં રમતવીરોની ભરતી

**જગ્યાની સંખ્યા** : ૧૪

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૫-૧૨-૨૦૧૪

**વેબ સાઈટ** : www.wr.indianrailways.gov.in.

- **ધ મિકેનાઈઝ ઈન્ફન્ટરી રેજીમેન્ટલ સેન્ટર : અહેમદનગર (મહારાષ્ટ્ર)**

**જગ્યાનું નામ** : વાળંદ, એલડીસી, EBR, સિવિલિયન મોટર ડ્રાઈવર, ચોકીદાર, મેસેન્જર, રસોઈયા, સફાઈવાળા, ધોબી

**જગ્યાની સંખ્યા** : ૧૩

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૨૯-૧૧-૨૦૧૪

- **સ્ટાફ સિલેકશન કમિશન : કર્ણાટક - કેરાલા રિજિયન**

**જગ્યાનું નામ** : ડેટા પ્રોસેસીંગ આસિસ્ટન્ટ, આસિ. ડ્રગ ઈન્સ્પેક્ટર, ડેટા એન્ટ્રી ઓપરેટર

**જગ્યાની સંખ્યા** : ૬૨

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૨-૧૨-૨૦૧૪

**વેબ સાઈટ** : http://www.ssckkr.kar.nic.in

- **સાઉથ-ઈર્સ્ટન રેલવે : કોલકતા**

**જગ્યાનું નામ** : સ્કાઉટ અને ગાઈડ ક્વોટામાં ગ્રુપ-સી-ડીની ભરતી

**જગ્યાની સંખ્યા** : ૧૨

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૫-૧૨-૨૦૧૪

- **ઈન્ડિયન ઓર્ડેનન્સ ફેક્ટરીઝ : ચંદા (મહારાષ્ટ્ર)**

**જગ્યાનું નામ** : ટીચર (પ્રાયમરી), સુપરવાઈઝર (નોન ટેકનિકલ), સ્ટોર કિપર, ટેલીફોન ઓપરેટર ગ્રેડ-II, ફાયરમેન (પુરૂષ), દરવાન, કૂક

**જગ્યાની સંખ્યા** : ૪૭

**ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ** : ૭-૧૨-૨૦૧૪

**વેબ સાઈટ** : http://www.ofchanda.gov.in

- CSIR - **સેન્ટ્રલ રોડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ : નવી દિલ્હી**

**જગ્યાનું નામ** : સાયન્ટિસ્ટ

**જગ્યાની સંખ્યા** : ૧૨

**ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ** : ૭-૧૨-૨૦૧૪

**વેબ સાઈટ** : http://www.crridom.gov.in

- **ડ્રેજીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ. : વિશાખાપટ્ટનમ**

**જગ્યાનું નામ** : જનરલ મેનેજર (એચ.આર.), ડે. જનરલ મેનેજર (ફિનાન્સ / ટેકનિકલ / ), મેનેજર (ફિનાન્સ), ડે. મેનેજર (માર્કેટીંગ / મટીરીયલ), આસિ. મેનેજર (ફિનાન્સ), મેનેજમેન્ટ ટ્રેઈની (મટીરીયલ્સ)

**જગ્યાની સંખ્યા** : ૧૩

**ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ** : ૧૫-૧૨-૨૦૧૪

**વેબ સાઈટ** : www.dredge-india.com

**(એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ તા. ૧૫-૧૧-૨૦૧૪)**

- **ઈન્સ્ટિટ્યૂટ ઓફ બેન્કીંગ પર્સોનલ સિલેકશન : મુંબઈ**

**જગ્યાનું નામ** : રાષ્ટ્રિયકૃત બેંકોમાં સ્પેશ્યાલિસ્ટ ઓફિસરોની ભરતી માટેની કોમન રીટર્ન એકઝામિનેશન (CWE) (આઈ.ટી. ઓફિસર/એગ્રિકલ્ચરલ ફિલ્ડ ઓફિસર / રાજભાષા અધિકારી / લૉ ઓફિસર / એચઆર / પર્સોનલ ઓફિસર / માર્કેટીંગ ઓફિસર)

CWE **યોજાવાની તારીખ : ફેબ્રુઆરી-૨૦૧૫**

**ઓન લાઈન રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ** : ૯-૧૨-૨૦૧૪

**વેબ સાઈટ** : www.ibps.in

- **હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ : બેંગાલુરૂ**

**જગ્યાનું નામ** : સિનિયર મેનેજર, ઓફિસર, આસિ. ઓફિસર (ઓફિશીયલ લેંગ્વેજ)

**જગ્યાની સંખ્યા** : ૦૮

**ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ** : ૧૦-૧૨-૨૦૧૪

**વેબ સાઈટ** : www.hal-india.com

**(ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, તા. ૧૯-૧૧-૨૦૧૪)**

# સુરત મહાનગરપાલિકા

## માનદ્ ડોકટરોની નિમણૂક

સુરત મહાનગરપાલિકા સંચાલિત જુદી જુદી હોસ્પિટલો, અર્બન હેલ્થ સેન્ટરો તથા અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ માટે માનદ્ ડોકટરોની ક્રમ નં. ૧ થી ૨૧ વિગતે સ્નાતકની પદવીવાળી જગ્યાઓ માટે પ્રતિ માસ રૂ. ૨૦૦૦ તથા અનુસ્નાતકોની પદવીવાળી જગ્યાઓ માટે રૂ. ૩૦૦૦ ના માનદ્ વેતનથી તેમજ ક્રમ નં. ૨૨ ની વિગતે પ્રતિક્ષાયાદી તૈયાર કરવાના હેતુસર નીચે સહી કરનારને તા. ૫-૧૨-૨૦૧૪ સુધીમાં પહોંચે તે રીતે નીચે જણાવેલ લાયકાત ધરાવનાર ઉમેદવારો પાસે નિયત ફોર્મમાં અરજીઓ મંગાવવામાં આવે છે. (અરજીનો નમૂનો સુરત મહાનગરપાલિકાનો વેબસાઈટ ઉપરથી મળી શકશે.)

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | લાયકાત |
|---|---|---|---|
| ૧. | માનદ્ સર્જન | ૧ | એમ.બી.બી.એસ., એમ.એસ. |
| ૨. | માનદ્ ડર્મેટોલોજીસ્ટ | ૩૪ | એમ.ડી., ડી.વી.ડી. |
| ૩. | માનદ્ પીડીયાટ્રીશીયન | ૨૭ | એમ.ડી. પીડીયાટ્રીશન |
| ૪. | માનદ્ પીડીયાટ્રીક સર્જન | ૧ | એમ.એસ. પીડીયાટ્રીક સર્જરી અથવા એમ.એસ., એમ.સી. એચ., પીડીયાટ્રીક સર્જરી |
| ૫. | માનદ્ ફીઝીશીયન | ૩૧ | એમ.ડી. (મેડીસીન) |
| ૬. | માનદ્ ઓપ્થેલ્મોલોજીસ્ટ | ૩ | પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન ડિપ્લોમા હોલ્ડર ઈન ઓપ્થેલ્મોલોજી અથવા ડિગ્રી હોલ્ડર |
| ૭. | માનદ્ ગાયનેકોલોજીસ્ટ | ૨૧ | એમ.ડી., ડી.જી.ઓ. |
| ૮. | માનદ્ એનેસ્થેટીક્સ | ૧૨ | એમ.બી.બી.એસ. ડી.એ., અથવા એમ.ડી. (એનેસ્થેસ્યા) |
| ૯. | માનદ્ ઓર્થો. સર્જન | ૧ | એમ.એસ. (ઓર્થોપેડીક) |
| ૧૦. | માનદ્ ઈ.એન.ટી. સર્જન | ૨ | એમ.એસ. (ઈ.એન.ટી., ડી.એલ.ઓ.) |
| ૧૧. | માનદ્ ટી.બી. સ્પેશ્યાલીસ્ટ | ૧ | એમ.ડી. અથવા એમ.આર.સી.પી. |
| ૧૨. | માનદ્ ન્યુરો સર્જન | ૨ | એમ.એસ. ન્યુરો સર્જરી અથવા એમ.એસ., એમ.સી. એચ. ન્યુરો સર્જન |
| ૧૩. | માનદ્ રેડિયોલોજીસ્ટ | ૪ | એમ.બી.બી.એસ., ડી.એમ.આર.ઈ. અથવા એમ.ડી. રેડિયોલોજીસ્ટ |
| ૧૪. | માનદ્ ન્યુરો ફીઝીશીયન | ૨ | એમ.ડી. અથવા એમ.આર.સી.પી. ઈન ન્યુરોલોજી |
| ૧૫. | માનદ્ કાર્ડીયોલોજીસ્ટ | ૧ | ડી.એમ. કાર્ડીયોલોજીની ડિગ્રી અથવા એમ.ડી. જનરલ મેડીસીન અને કાર્ડીયોલોજીમાં કામ કરવાનો બહોળો અનુભવ હોય ઉપરાંત કોર્ડીયોલોજીમાં ટીચીંગ એકસપિરીયન્સ હોવો જરૂરી. |
| ૧૬. | માનદ્ ડેન્ટલ સર્જન | ૧ | બી.ડી.એસ. |
| ૧૭. | માનદ્ પ્લાસ્ટીક સર્જન | ૧ | એમ.એસ., એમ.સી.એચ. ઈન પ્લાસ્ટીક સર્જરી |
| ૧૮. | માનદ્ કેન્સર સર્જન | ૨ | એમ.એસ., એમ.સી.એચ. ઈન કેન્સર સર્જરી |
| ૧૯. | માનદ્ કાર્ડીયોથોરાસીક | ૨ | એમ.એસ. કાર્ડીયોથોરાસીક સર્જરી અથવા એમ.એસ., એમ.સી.એચ. કાર્ડીયોથોરાસીક સર્જરી |
| ૨૦. | માનદ્ નેફ્રોલોજીસ્ટ | ૧ | એમ.ડી. નેફ્રોલોજી અથવા એમ.ડી. (જનરલ મેડી.) અને નેફ્રોલોજી યુનિટના સ્વતંત્ર સંચાલનનો ઓછામાં ઓછો ત્રણ વર્ષનો અનુભવ |
| ૨૧. | માનદ્ આયુર્વેદ તબીબ | ૨૧ | (૧) માન્ય યુનિ.ના આયુર્વેદીક અનુસ્નાતક હોવા જોઈએ. અથવા બી. એસ. એ. એમ. બી. એ. એમ. એસ. હોય તો ૧૦ વર્ષનો આયુર્વેદીક પ્રેકટીસનો અનુભવ ધરાવતા હોવા જોઈએ. (૨) ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદ એન્ડ સીસ્ટમ ઓફ મેડીસીન અમદાવાદ દ્વારા રજીસ્ટ્રેશન મેળવેલું હોવું જરૂરી. |
| ૨૨. | માનદ્ પાર્ટ ટાઈમ રેડિયોલોજીસ્ટ | ૩ | એમ.બી.એસ., ડી.એમ.આર.ઈ. અથવા એમ.ડી. રેડીયોલોજીસ્ટ |
| | માસિક માનદ્ વેતન | | રૂ. ૪૦૦નો માસિક કોન્સોલીડેટેડ વેતન તથા રૂ. ૧૫૦ વાહન ભથ્થું |
| | ફરજનો સમય | | અઠવાડિયામાં ઓછામાં ઓછા ત્રણ દિવસ સવારના ૩ કલાક માટે હોસ્પિટલમાં ફરજ ઉપર આવવાનું રહેશે. |

**નોંધ :** ઉમેદવાર અરજી સાથે નીચે મુજબના પુરાવાઓની પ્રમાણિત નકલ સામેલ કરવાની રહેશે.

(૧) ઉંમરના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (૨) શૈક્ષણિક લાયકાત માટે માર્કશીટ તથા પ્રમાણપત્ર, ડિગ્રી સર્ટીફીકેટ, રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ (૨) શૈક્ષણિક લાયકાત માટે માર્કશીટ તથા પ્રમાણપત્ર ડિગ્રી સર્ટીફીકેટ (૩) અનુભવનું પ્રમાણપત્ર (૪) રહેઠાણનો પુરાવો (૫) કોન્ટેક્ટ નંબર (મો. - ફોન નંબર) (૬) EPIC કાર્ડ

ભરાયેલ અરજી ફોર્મ નીચેના સરનામે નિયત સમય સુધીમાં પહોંચાડવાના રહેશે. ઓફીસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (મધ્યસ્થ કચેરી) ની ઓફીસ, રૂમ નં. ૭૫, પહેલોમાળ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત. **(Visit us at www.suratmunicipal.gov.in)**

**મ્યુનિસિપલ કમિશ્નર, સુરત મહાનગરપાલિકા** ●

# ગુજરાત રાજ્ય બાયોટેકનોલોજી મિશન (જીએસબીટીએમ)

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર, બ્લોક નં. ૧૧ નો ૯ મો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧**

## ભરતી અંગેની જાહેરાત

ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી (મિશન, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર દ્વારા તેમના નવા મંજુર થયેલ વિવિધ પ્રોજેક્ટો માટે અરજીઓ (ફક્ત ઓનલાઈન) તદ્દન કરાર આધારિત મંગાવવામાં આવે છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ અરજીઓ ઓનલાઈન પોર્ટલ મારફતે કરવાની રહેશે.

| ક્રમ | પ્રોજેક્ટો | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | હેલ્થકેર બાયોટેકનોલોજી પ્રોજેકટ (નેટવર્ક ઓફ જીનેટીક ડાયગ્નોસ્ટીક સેન્ટર, બાયોબેન્કીંગ ફેસીલીટી, સ્ટેમસેલ રીસર્ચ એન્ડ ટ્રેનીંગ સેન્ટર | જોઈન્ટ ડાયરેક્ટર | ૧ |
| | | સાયન્ટિસ્ટ - C | ૩ |
| | | સાયન્ટિસ્ટ - B | ૨ |
| | | ક્લીનીશીયન | ૨ |
| | | જેનેટીક કાઉન્સિલર | ૧ |
| | | આસિસ્ટન્ટ | ૧ |
| ૨. | તાલીમ સંશોધન, જાગૃતિ અને ઉદ્યોગ સાહસિકતા સેલ | સાયન્ટિસ્ટ - C | ૨ |
| | | સાયન્ટિસ્ટ - B | ૨ |
| ૩. | બાયોટેકનોલોજી નોલેજ કોમ્પલેક્ષ | સાયન્ટિસ્ટ - C | ૧ |

નોંધ : પ્રોજેક્ટોનો સમય ગાળો ૫ વર્ષનો છે જે રાજ્ય સરકાર દ્વારા લંબાવી પણ શકાય છે. જગ્યા સંપૂર્ણ રીતે કરાર આધારિત છે. જેમાં શરૂઆતના ૧૧ માસના ગાળા માટે અને સંતોષકારક દેખાવ તથા વાર્ષિક સમીક્ષાના આધારે વધુમાં વધુ ૫ વર્ષ સુધી લંબાવી શકાશે. અરજીઓ માત્ર http://gujaratgenomic.in//recruit/ પર ઓનલાઈન કરી શકાશે. ઓનલાઈન અરજી તા. ૧૭-૧૨-૨૦૧૪ સુધીમાં કરવાની રહેશે. નિયત ઓનલાઈન પત્રક સિવાયની અરજીઓ માન્ય ગણવામાં આવશે નહિ. દરેક જગ્યાની લાયકાત તેમજ અન્ય જાણકારી http://btm.gujarat.gov.in પર પ્રાપ્ય છે.

**મિશન નિયામકશ્રી, જી.એસબીટીએમ** ●

# HINDUSTAN INSECTICIDES LIMITED

**(A Government of India Enterprise)**
**P.O. RASAYANI. DISI RAIGAD - 410 207, MAHARASHTRA.**
**Tel.: (02192) 250 393/94, Fax No.: 250 392, 250 970, CIN: U24211DL1954G01002377**
**E-mail : hilrasayani@bsnl.in** **Visit at : www.hil.gov.in**

**Special Recruitment Drive for Persons With Disability (PWD)**

**A. Applications are invited for the following posts :**

| Sr. No. | Name of Post | Age Limit as on 31/10/2014 | No. of posts | Category | Gross emoluments in the scale (p.m.) minimum of the scale |
|---|---|---|---|---|---|
| 1. | Mechanical Engineer | 40 Yrs | 01 | PD (Partially Deaf) HH Category | Rs. 20600 - 3% - 46500 (E-2) (Rs. 47000/- approx includes Basic, DA, HRA plus other allowances) |
| 2. | Safety Supervisor | 40 Yrs | 01 | PD (Partially Deaf) HH Category | Rs. 16400 - 3% - 40500 (E-1) (Rs. 37000/- approx includes Basic, DA, HRA plus other allowances) |
| 3. | Analyst (Trainee) | 30 Yrs | 02 | 2 posts for PD (Partially Deaf) HH Category | Rs. 5000/- 1stYear Rs. 6000/- 2nd Year (On completion of 2 years Training, will be regularized in appropriate grade) |
| 4. | Boilercum FitterGr.III | 40 Yrs | 1 | OH (OA/OL) | Rs. 6540 - 3% - 19140 (W-3) (Rs.15000/- approx includes Basic, DA, HRA, plus other allowances) |
| 5. | Store Keeper | 40 Yrs | 1 | PD (Partially Deaf) HH Category | Rs. 6540 - 3% - 19140 (W3) (Rs.15000/- approx includes Basic, DA, HRA, plus other allowances) |
| 6. | Jr. Assistant | 40 Yrs | 4 | 1 VH 2 HH 1 OH | Rs. 6370 - 3% - 17620 (W-2) (Rs.14500/-approxincludesBasic, DA, HRA plus other allowances) |
| 7. | Hindi Typist | 40 Yrs | 1 | VH (Low Vision) | Rs. 6370-3%-17620(W-2) (Rs.14500/- approx includes Basic, DA, HRA plus other allowances) |
| 8. | Record Keeper | 40Yrs | 1 | PD(Partially Deaf) HH Category | Rs.6090-3%-14780(W-1) (Rs.13900/- approx includes Basic, DA, HRA plus other allowances) |
| **B.** | **Posts to be filled Purely on Contractual Basis (for 3 year)** | | | | **Consolidated Amount** |
| 1. | Lady Medical Officer | 40 yrs | 01 | Unreserved | Rs. 35,000/- pm plus other benefits. |

Reservation & Age Relaxation as per Govt. of India rules. For detailed information regarding Qualification, Exptrience & Age relaxation etc. please refer our **Website: www.hil.gov.in.** The applications should reach with in 21 days from the date of publication of the advt.

DGM (P&A)

# LALIT KALA AKADEMI

**(National Academy of Art)**
**New Delhi**

The Lalit Kala Akademi, an autonomous organisation established by the Government of India, Ministry of Culture, invites applications from eligible candidates for the following vacant posts.

| Sl. No. | Name of Post | No. of post | Reservation of post | Place of Post | Pay Band & Grade pay |
|---|---|---|---|---|---|
| 1. | Production Assistant | 01 | UR | Delhi | Rs.9300-34800 +4600 |

**Age:** Below 30 years relaxable upto a maximum of 15 years in case of candidate working in Govemment/ Autonomous organisations.

**Essential Qualifications: a)** Degree är an equivalent diploma in Fine Arts or Applied Arts,

**b)** 3 years experience in handling printing jobs, layout and design of art books/catalogues and their production.

| Sl. No. | Name of Post | No. of post | Reservation of post | Place of Post | Pay Band & Grade pay |
|---|---|---|---|---|---|
| 2. | Supervisor | 06 | UR-4 OBC-2 | Lucknow-2 posts (1 each in Graphic & Ceramic discipline) Kolkata-1 post (Sculpture) Chennai-2 posts (1 each in Sculpture & Ceramic) Bhubaneswar- 1 post (Graphic) | Rs.9300-34800 + 4600 |

**Age:** Below 35 years relaxable upto a maximum of 15 years in case of candidate working in Govemment/ Autonomous organisations.

**Essential Qualifications: a)** Degree or an equivalent Diploma in Fine Arts with specialization in the art subject of the studio to be supervised.

**b)** At least five years experience in the particular art subject to which the studio caters.

The application form with details of the qualifications, experience, age etc. are available on Akademi's website **www.lalitkala.gov.in.** Last date of receipt of application is one month from the date of publication of this notice in the Employment News.

**Secretary I/c**
**Lalit Kala Akademi**

(અનુસંધાન પાન નં. ૭ નું ચાલુ.....)

7. The University shall verify the antecedents and documents submitted by a candidate at the time of appointment or during the tenure of the service at any time. In case, it is detected that the documents submitted by the candidates are fake or the candidate has undesirable clandestine antecedents/ background and has suppressed the said information, then his services are liable to be terminated.

8. In case of any inadvertent mistake in the process of selection which may be detected at any stage even after the issue of appointment letter, the University reserves the right to modify/withdraw/ cancel any communication made to the candidate.

9. The reservations policy of age relaxation for SC/ST/ OBC/PWDs/Ex-Serviceman shall be as per Govt. of Gujarat/UGC norms.

10. Relaxation of 5% at Master Degree level will be given to SC/ST candidate.

11. The qualifications and other conditions prescribed in the present advertisement are subject to regulations/ norms stipulated by the University/UGC from time to time.

12. The Selected candidate shall, during his probation period, be required to pass qualifying examination for computer knowledge in accordance with provisions of the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules, 2006.

13. The prescribed qualifications and experience are minimum and the mere fact that a candidate possesses the same will not entitle him/her for being called for interview.

14. The University reserves the right to restrict the candidates to be called for interview to a reasonable number on the basis of qualifications and experience higher than the minimum prescribed as decided by duly constituted Screening Committee/s and approved by the Competent Authority. Call letters for attending interview will be sent only to the short-listed candidates by Post or E-mail. No correspondence will be made with applicants who are not short-listed/not called for interview.

15. Canvassing in any form on behalf of any candidate will disqualify the candidate.

16. Candidates already in service must submit their applications (hard copy/print out) through proper channel. However an advance copy could be sent directly to IITE before last date of receiving application.

17. Applications incomplete in any respect will not receive any consideration at all.

18. The duly filled in Application (for each post separate application with separate Demand Draft) shall be submitted by the applicant so as to reach the University on or before the due date mentioned in this Advertisement.

19. Candidates belonging to 'General' and 'SEBC' category are require to submit Demand Draft of Rs. 500/- along with the application and candidates belonging with S.C./S.T. category are require to submit Demand Draft of Rs. 250/- along with the application. Demand Draft should be in favour of ' Registrar, Indian Institute of Teacher Education', payable at Gandhinagar.

20. Please write Name of the post applied for and applicant's name with full postal address on the back of the Demand Draft.

21. Duly Filled application in all respect in an envelope [please write on the top-left side of the envelope the Name of the post] should be forwarded to the **Registrar, Indian** Institute of Teacher Education Ramkrishna Paramhans Shaikshanik Sankul, KH Road, Sector-15,Gandhinagar - 382016 Gujarat, India by registered/ Speed post **only**, on or before the last date given in the advertisement.

22. In case of number of application are reasonably very high in ratio, University may conduct aptitude test.

23. Candidates will have to appear for the Written test/ Interview at their own expenses.

**Please refer to the website for**
**Application form & details**
**website :www.iite.ac.in; email : osdiite@gmail.com**

# કરન્ટ અફેર્સ

- **વડાપ્રધાન દ્વારા પેન્શનરો માટે જીવન પ્રમાણ - ડિજીટલ હયાતીનું પ્રમાણપત્ર લોન્ચ કરાયું.**

  પેન્શનરો માટે પોતાનું પેન્શન ચાલુ રાખવા માટે જરૂરી એવું હયાતીનું પ્રમાણપત્ર દર વર્ષે નવેમ્બર-માસમાં બેંકમાં રજુ કરવું પડે છે. પરંતુ હવે, આ પળોજણમાંથી મુક્તિ મળવાની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પેન્શનરો માટે નવું ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ લોન્ચ કરવામાં આવ્યું. આ પ્રથાથી હવે પેન્શનરોએ દર વર્ષે રૂબરૂમાં હયાતીનું પ્રમાણપત્ર રજુ કરવાની જરૂર રહેશે નહીં.

- **કવિ કેદારનાથ સિંઘને જ્ઞાનપીઠ એવોર્ડ એનાયત :**

  ભારતીય સાહિત્યમાં ઉલ્લેખનીય યોગદાન બદલ જાણીતા હિન્દી કવિ કેદારનાથ સિંઘને રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજી દ્વારા જ્ઞાનપીઠ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

- **ભારત-ઈઝરાયલ દ્વારા સંયુક્ત રીતે વિકસાવવા આવેલી LRSAM મિસાઈલનું સફળ પરિક્ષણ :**

  ભારત અને ઈઝરાયલ દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવેલી લોંગ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ (LRSAM) નું હાલમાં જ ઈઝરાયલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ (IAI) દ્વારા DRDO (ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનિઝેશન) ના વિજ્ઞાનીઓની ઉપસ્થિતિમાં સફળ પરિક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. લાંબા અંતરની ક્ષમતાવાળી ભૂમિથી હવામાં પ્રહાર કરવાની શક્તિ ધરાવતી આ મિસાઈલ ઈઝરાયલમાં બરાક-૮ મિસાઈલના નામથી ઓળખાય છે.

- **ડાયરેક્ટર રવિ ચોપરાનું નિધન :**

  લોકપ્રિય ટી.વી. સિરિયલ મહાભારતના ડાયરેક્ટર રવિ ચોપરાનું તાજેતરમાં ૬૮ વર્ષની વયે મુંબઈ ખાતે નિધન થયું હતું. શરૂઆતમાં પિતા બી.આર. ચોપડાની ફિલ્મો દાસ્તાન, ધૂંધમાં અને કાકા યશ ચોપરાની ફિલ્મ ઈતેફાકમાં આસિસ્ટન્ટ રહેલા રવિ ચોપરાએ ત્યારબાદ સ્વતંત્રપણે ફિલ્મોનું ડાયરેકશન સંભાળ્યું હતું. તેઓએ ઝમીર (૧૯૭૫) થી ડાયરેકશનનો પ્રારંભ કર્યો હતો. છેલ્લે તેમણે અમિતાભ બચ્ચન સાથે બાગબાન અને બાબુલ નામની ફિલ્મો કરી હતી. ભારતીય ફિલ્મોના તેઓ પ્રથમ ફિલ્મ નિર્માતા હતા કે જેઓને હોલીવુડની કંપની દ્વારા કોર્ટમાં લઈ જવામાં આવ્યા હોય. ૧૯૯૨માં ઓસ્કાર એવોર્ડ વિજેતા ફિલ્મ માય કઝીન વીની ની હિન્દી રિમેક બંદા યે બિન્દાસ્ત હે માટે ૨૦૦૯માં હોલીવુડની જાણીતી ફિલ્મ નિર્માણ કંપની ટ્વેન્ટીન્થ સેન્ચુરી ફોક્સ દ્વારા રવિ ચોપરા અને તેમના બેનર બી.આર. ચોપરા વિરુદ્ધ કોર્ટ કેસ કરવામાં આવ્યો હતો.

- **વિરાટ કોહલી સહિત પાંચ ક્રિકેટરો ક્રિકેટ વર્લ્ડકપ-૨૦૧૫ માટે એમ્બેસેડર બન્યા :**

  ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા ઓસ્ટ્રેલિયા - ન્યુઝિલેન્ડના સંયુક્ત યજમાન પદે યોજાનારા આઈસીસી ક્રિકેટ વર્લ્ડ કપ-૨૦૧૫ના એમ્બેસેડર તરીકે પાંચ જાણીતા ક્રિકેટરોની પસંદગી કરવામાં આવી છે. આ પાંચ ક્રિકેટરોમાં વિરાટ કોહલી (ભારત), કુમાર સંગાકારા (શ્રીલંકા), શેન વોટસન અને મિચેલ જોહન્શન (ઓસ્ટ્રેલિયા) તથા બ્રેન્ડન મેક્કુલમ (ન્યુઝિલેન્ડ)નો સમાવેશ કરવામાં આવ્યો છે.

- **IICT ના વિજ્ઞાની શ્રીવરી ચંદ્રશેખરે ઈન્ફોસીસ પ્રાઈઝ - ૨૦૧૪ જીત્યુ :**

  CSIR - IICT હૈદરાબાદના વિજ્ઞાની શ્રીવરી ચંદ્રશેખરની ફિઝિકલ સાયન્સ માટે ઈન્ફોસીસ પ્રાઈઝ-૨૦૧૪ માટે પસંદગી કરવામાં આવી છે. આ એવોર્ડ અન્વયે રૂ. ૫૫ લાખની ધનરાશી, સુવર્ણચંદ્રક અને સ્મૃતિચિન્હ અર્પણ કરવામાં આવે છે. ઈન્ફોસીસ દ્વારા દર વર્ષે આ એવોર્ડ જાહેર કરવામાં આવે છે. અલ્સરની સારવારમાં સહાયરૂપ થનારી 'મીસોપ્રોસ્ટલ' નામની દવાના ઉત્પાદન માટેની ટેકનોલોજી વિકસાવવામાં શ્રીવરી ચંદ્રશેખરના યોગદાન બદલ આ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. શ્રીવરી ચંદ્રશેખર અને તેમની ટીમ આ શોધ બદલ CSIR ટેકનોલોજી એવોર્ડ ૨૦૧૪ અગાઉ હાંસલ કરી ચૂકી છે.

- **કે. આર. નારાયણન એવોર્ડ માટે ક્રિષ્ના ઐયરની પસંદગી :**

  જાણીતા જ્યુરીસ્ટ જસ્ટીસ વી. આર. ક્રિષ્ના ઐયરની કે. આર. નારાયણન એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. સ્વર્ગીય ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કે.આર. નારાયણનની સ્મૃતિમાં શરૂ કરવામાં આવેલો આ એવોર્ડ દર વર્ષે વિવિધ ક્ષેત્રમાં ઉલ્લેખનીય યોગદાન બદલ આપવામાં આવે છે. અગાઉ આ એવોર્ડ કેરાલા વિધાનસભાના માજી અધ્યક્ષ કે. રાધાક્રિષ્નન, ઈસરોના માજી ચેરમેન જી. માધવન નાયર તથા જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા ઓ.એન.વી. કરૂપ હાંસલ કરી ચૂક્યા છે. ●

# જોબ એપ્લિકેશન ફંડા : ૨

**રોજગારની આસપાસ**

રાજેન્દ્ર ઉપાધ્યાય

જોબ એપ્લિકેશનના મુખ્યત્વે બે ભાગ (૧) કવરીંગ અને (૨) બાયોડેટા પૈકી કવરીંગ લેટરની વિસ્તૃત ચર્ચા ગયા લેખમાં કર્યા બાદ, આજે આ લેખમાં બાયોડેટા ઉર્ફે રિઝ્યૂમે અર્થાત્ CVની વિગતવાર સમજૂતી મેળવી લઈએ.

